# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: નેહલ ઠક્કર**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૨૬-૦૭-૨૦૨૪ શુક્રવાર                    સમય : સાંજે ૬:25 કલાકે**

---

## કારગીલ વિજય દિવસ

**આજે 25મા કારગિલ વિજય દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કારગિલ યુદ્ધ સ્મારક ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે સૈન્ય વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી , વાયુ દળના વડા એર ચીફ માર્શલ વી. આર. ચૌધરી અને નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીએ પણ શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.**

**આ પ્રસંગે સંબોધન કરતા પ્રધાનમંત્રી એ જણાવ્યું કે કારગિલ વિજય દિવસ દર્શાવે છે કે, ત્યાગ અને બલિદાને આ દેશને મહાન બનાવ્યો છે.**

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કારગિલ વિજય દિવસ પર સશસ્ત્રદળોનો આભાર વ્યક્ત કર્યો અને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રીમુર્મુ 1999 માં કારગિલના પર્વતો પર દેશની રક્ષા કરતા સર્વોચ્ચ બલિદાન આપનારા શહીદોને યાદ કર્યા. આજે લોકસભા અને રાજ્યસભાએ કાર્યવાહીના પ્રારંભમાં કારગીલ યુધ્ધના વીર જવાનોને શ્રધ્ધાંજલિ આપી હતી.**

**કારગિલ વિજય દિવસ પ્રસંગે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે દિલ્હી સ્થિત રાષ્ટ્રીયયુદ્ધ સ્મારક ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તો, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કારગિલ યુદ્ધના શહીદોના બલિદાનને સ્મરણ કર્યું..**

**- (RNU અમદાવાદ)**

---

## રૂદ્રમાતા કેમ્પ-કારગીલ વિજય દિવસ

**કેન્દ્રીય સંચાર બ્યુરો ક્ષેત્રીય કાર્યાલય તેમજ એનસીસી 36 બટાલિયનના સંયુક્ત ઉપક્રમે કારગિલ વિજય દિવસ રજત જયંતિની ઉજવણી રુદ્ર માતા કેમ્પ ખાતે કરવામાં આવી હતી.**

કારગીલ વિજય દિવસની ઉજવણીના બે દિવસિય કાર્યક્રમમાં જીલ્લાની તમામ કોલેજ અને શાળાના એનસીસી કેડેટ જોડાયા હતા.

જેમાં પૂર્વ સંધ્યાએ રમતગમત , ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા વગેરે નું આયોજન કરવામાં આવ્યું હતું. તો, આજે ઇનામ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.

વધુમાં મળતી માહિતી મુજબ , કારગીલ વિજય દિવસના ઉ પલક્ષમાં 16 થી 26 જુલાઈ દરમિયાન રાખવામાં આવેલ વિવિધ કાર્યક્રમોમાં કેડેટ્સને વેપન ટ્રેનીંગ , ફાયરિંગ પ્રેક્ટીસ , સ્પોર્ટ્સ એક્ટિવિટી વગેરેનું માર્ગદર્શન અપાયું હતું. સેન્ટ્રલ બ્યુરોની ટીમ દ્વારા તમામ કેડેટ્સને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ વો ર મેમોરિયલ ખાતે સલામી અને પરેડ યોજાઇ હતી..

(સ્થાનિક સમાચારપત્ર, નેહલ ઠક્કર)

---

## જીલ્લા શિક્ષણાધિકારી-ફાયર એનઓસી

કચ્છ સહિત રાજ્યની તમામ સ્કૂલોને ફાયર એનઓસી મેળવી લેવા કમિશનર ઓફ સ્કુલ દ્વારા સૂચના આપવામાં આવી છે . રાજ્યની દરેક ડીઈઓ કચેરી ને પરિપત્ર મોકલીને ફાયર એનઓસી માટે કયા પ્રકારના નિયમોનું પાલન કરવું તેની વિસ્તૃત ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. રાજ્ય સ્તરેથી થયેલ આદેશ બાદ કચ્છની તમામ શાળાઓને સત્વરે ફાયર એનઓસી મેળવી લેવા જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા તાકીદ કરાઈ છે..

આ અંગે જિલ્લા શિક્ષ ણાધિકારી સંજય પરમા રે વધુમાં જણાવ્યું હતું કે , જીલ્લાની દરેક શાળાઓએ ફાયર એનઓસી મેળવી લેવા ની રહેશે. ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે તે મુજબ તમામ શાળાઓએ નિશ્ચિત સમયગાળામાં ફાયર એનઓસી અને ફાયર સેફટીના સાધનોની વ્યવસ્થા કરવાની રહેશે અન્યથા શાળાની માન્યતા રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. જે શાળાઓએ ફાયર એનઓસી માટે અરજી કરી નથી તેઓએ દસ દિવસમાં અરજી કરવાની રહેશે.

(સ્થાનિક સમાચારપત્ર, નેહલ ઠક્કર)

---

## કચ્છ-ચાંદીપુરા વાયરસ

રાજ્યમાં અત્યાર સુધી ચાંદીપુરા વાયરસના કારણે 41 બાળકોના મૃત્યુ થયાં છે. દરમિયાન, જીલ્લામાં પણ આ વાયરસની અસર વર્તાઈ રહી છે.

આ અંગે જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી કેશવકકુમારે જણાવ્યું હતું કે નખત્રાણા તાલુકાના ચાંદીપુરા પોઝિટિવ બાળકની હાલ જીકે જનરલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે, જ્યારે આ સિવાય 6 અન્ય બાળકોમાં આ બીમારીના લક્ષણો હોવાનું સામે આવતા પરીક્ષણ સહિતના પ્રયાસો હાથ ધરાયા છે. માધાપર નજીકના શ્રમજીવી વસાહતના 8 માસના બાળકનું મૃત્યુ થયું છે. જ્યારે, અંજાર તાલુકાના મેઘપર ગામ નજીક હંગામી આવાસમાં રહેતી 6 વર્ષીય બાળકીનું અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે મૃત્યુ થયું છે.

ચાંદીપુરા વાયરસના અટકાવ માટે મુખ્યત્વે ભુજ, નખત્રાણા, માંડવી, મુન્દ્રા અને અંજાર તાલુકામાં તકેદારીના ખાસ પગલાં લેવામાં આવી રહ્યા છે. મોટા ભાગના શ્રમિક વિસ્તાર અને કાચા આવાસોમાં દવા છંટકાવ કરવામાં આવી રહ્યો છે. આ સિવાય મોટા ભાગની સરકારી પ્રાથમિક શાળા અને આંગડવાડી કેન્દ્રમાં દવા છંટકાવ કરવામાં આવ્યા છે. તો અન્ય પાંચ તાલુકાઓમાં પણ આરોગ્યની ટિમો દ્વારા બીમારી અટકાવ અંતર્ગત લોક જાગૃતિ ફેલાવવા સાથે દવાનો છંટકાવ કરાઈ રહ્યો છે.

(સ્થાનિક સમાચારપત્ર, નેહલ ઠક્કર)

---

## કચ્છ-શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ પસંદગી

પૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ પાંચમી સપ્ટેમ્બરે ઊજવાતા શિક્ષક દિને રાષ્ટ્રીય, રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાના પસંદગી પામેલા શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનીત કરવામાં આવે છે, તે અંતર્ગત કચ્છમાંથી શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી પ્રક્રિયાનો જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા પ્રારંભ કરાયો છે.

ચાલુ વર્ષે જીલ્લામાંથી રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ માટે ત્રણ જયારે રાજ્ય કક્ષાના જુદી-જુદી કેટેગરીના એવોર્ડ માટે દસ ઉમેદવારી નોંધાવાઈ હતી. તેમાંથી રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ માટે એક અને રાજ્ય કક્ષાના એવોર્ડ માટે સાતની પસંદગી કરવામાં આવી છે.

આ ઉમેદવારોને આગામી 29 , 30 અને 31 જુલાઈએ ગાંધીનગર ખાતે રાજ્ય પસંદગી સમિતિ સમક્ષ બોલાવાશે. આ ઉપરાંત જિલ્લા કક્ષાના આઠ અને તાલુકા કક્ષાના 20 શ્રેષ્ઠ શિક્ષકોના એવોર્ડ માટે આગામી સમયમાં તારીખ નક્કી કરાશે, તેવું જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે જણાવ્યું હતું.

(સ્થાનિક સમાચારપત્ર, નેહલ ઠક્કર)

---